દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ,
તારીખ :- ૨૩/૦૨/૨૦૨૬

અખબારનગરમાં બનનારા મલ્ટિમોડલ હબ માટે ટેન્ડર જાહેર કરાયું

# મેટ્રોમાંથી ઊતરી AMTS-BRTS બસમાં જવા રોડ ઓળંગવો નહીં પડે

## હબમાં આધુનિક ફાયર સિસ્ટમ હશે, આગ લાગી હોવાની સચોટ માહિતી આપશે

ભાસ્કર એક્સક્લુઝિવ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

એએમટીએસ દ્વારા અખબારનગર ખાતે 100 કરોડના ખર્ચે 'મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ' (MMTH) માટેનું ટેન્ડર જાહેર બહાર પડાયું છે. નવા ટ્રાન્સપોર્ટ હબમાં મેટ્રોમાંથી ઉતરીને એએમટીએસ કે બીઆરટીએસ પકડવી હોય તો તમારે રસ્તો ઓળંગવાની જરૂર નહીં પડે. બિલ્ડિંગની અંદર જ એવા પેસેજ હશે જે તમને સીધા તમારા ટ્રાન્સપોર્ટ સુધી પહોંચાડશે.

આ સાથે જ લોકોને રોડ પર પાર્કિંગની સમસ્યામાંથી પણ છૂટકારો મળશે. હબમાં બેઝમેન્ટમાં 200 કાર, 150 ટુ-વ્હીલર માટે અલગ સ્લોટ હશે. અહીં સામાન્ય ફાયર એલાર્મ નહીં, પરંતુ જો બિલ્ડિંગના કોઈપણ નાના ખૂણામાં ધુમાડો દેખાય તો સેન્ટ્રલ કંટ્રોલ રૂમને સેકન્ડોમાં ખબર પડી જશે કે કયા માળ પર અને કયા રૂમમાં આગ લાગી સચોટ માહિતી મળી જશે. સમગ્ર કેમ્પસમાં હાઈ-ડેફિનેશન આઈપી-આધારિત કેમેરા લગાવાશે. સ્કોપ ઓફ વર્ક મુજબ, આ કેમેરા 24 કલાક મોનિટરિંગ હેઠળ રહેશે. ડિઝાઈન એવી રીતે તૈયાર કરાઈ છે કે પાર્કિંગ કે પેસેજમાં એક પણ 'ડાર્ક સ્પોટ' નહીં રહે.

દસ્તાવેજો મુજબ, આ હબના મુખ્ય વેટિંગ એરિયામાં ઈટાલિયન માર્બલ અને પ્રીમિયમ ગ્રેનાઈટનું ફ્લોરિંગ હશે. આખું ટર્મિનલ કાચની દીવાલોથી તૈયાર કરાશે. પેસેન્જરોને એરપોર્ટ જેવો અનુભવ કરાવશે. સેન્ટ્રલાઈઝડ એસી વેઈટિંગ હોલ, સ્માર્ટ લિફ્ટ, એસ્કેલેટર્સની વ્યવસ્થા હશે.